(3)

❀ ❀ ❀

**બિનસરકારી માધ્યમિક તથા ઉચ્ચ માધ્યમિક શાળાઓમાં શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકોને પાંચ વર્ષની નોકરી પૂર્ણ થયે મળવાપાત્ર પગારધોરણ અને મૂળ સંવર્ગમાં ગણવા અંગે**

શિક્ષણ વિભાગ, ઠરાવક્રમાંક : બમશ/1199/59/(2000)-ગ,
સચિવાલય, ગાંધીનગર, તા. 10-1-'05

પ્રતિ,
શ્રીમતી સુનયના તોમર,
કમિશનરશ્રી,
મધ્યાહ્ન ભોજન અને શાળાઓની કચેરી, ગાંધીનગર.

**વિષય :** બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકની ભરતી બાબત.

*વંચાણે લીધો : (1) શિક્ષણ વિભાગના સરખા નંબરનો પત્ર, તા. 17-1-2000.*

ઉપરોક્ત વિષય પરત્વે આ વિભાગના ઠરાવક્રમાંક : બમશ/1198/741/(2)/ગ, તા. 2-7-'99 અન્વયે સંદર્ભમાં જણાવેલ પત્રની સ્પષ્ટતા કરવામાં આવેલ છે તે પત્ર રદ કરવામાં આવે છે અને રાજ્યના બિનસરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકને મૂળ જગ્યાની સામે મુકરર પગારથી ભરતી કરવાની યોજના અમલમાં મૂકવામાં આવેલ છે. આ અંગે સરકાર સમક્ષ વિવિધ રજૂઆતો થઇ હતી, તે ધ્યાને લઇ સ્પષ્ટતા કરવામાં આવે છે કે આ ભરતીયોજના અંતર્ગત નીમવામાં આવનાર શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકની નિમણૂકો પ્રથમ પાંચ વર્ષ શિક્ષણસહાયક, વહીવટીસહાયક અને સાથીસહાયકના સંવર્ગમાં જ ગણવાની રહેશે અને છઠ્ઠા વર્ષથી નિયમિત પગારધોરણમાં શરૂઆતના તબક્કે મૂકવામાં આવશે અને તે સમયથી મૂળ સંવર્ગમાં ગણવાના રહેશે.

ઉપરોક્ત સ્પષ્ટતા તમામ જિલ્લાશિક્ષણાધિકારીઓના ધ્યાને મૂકવા વિનંતી છે.

સહી, અરવિંદ ધડૂક
નાયબ સચિવ, શિક્ષણ વિભાગ

❀ ❀ ❀